20079

ક્રમાંક:ટ્રાફિક/જા.નામું/૨૫/૧૩
પોલીસ અધિક્ષકની કચેરી,સાબરકાંઠા,
હિંમતનગર.તા.૨૮/૧૧/૨૦૧૩

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,શાહીબાગ,અમદાવાદ

વિષય:- હિંમતનગર (સાબરકાંઠા) શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.
હવાલો:- આપશ્રીના પત્રનં.એજીટીટીએ/૨૦૧૩-૧૪/૨૦ તા.૨૧.૧૧.૨૦૧૩ અન્વયે.

ઉપરોક્ત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમનં.પીઓએલ/પો.ગ્રા./રસ્તો/વશી/૧૩૭૮/૨૦૧૩ તા.૬/૬/૧૩ થી હિંમતનગર પેરેમાઉન્ટ હોટલ સામેના રોડથી અંબર સિનેમા રોડથી પોલોગ્રાઉન્ડ વિસ્તાર મદિના મસ્જિદ રોડથી સ્વામીનારાયણમંદિરથી રેલ્વેફાટક,સહકાર હોલથી સંઘના પેટ્રોલપંપ સુધી પસાર થતાં રોડ/રસ્તા ઉપર તમામ પ્રકારના ફોર વ્હીલર વાહનો જેવા કે ટ્રેક્ટરો,ટેમ્પા,ટેન્કરો,ટ્રકો ને પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડેલ છે જે જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

બિડાણ:- જાહેરનામાની નકલો - 3

(ચિરાગ કોરડીયા)
પોલીસ અધિક્ષક
સાબરકાંઠા-હિંમતનગર

Akhil Gujarat Truck Transport Association
9-12-13

ફોજદારી કાર્યરીતી અધિનિયમન સને.૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું જાહેરનામુ

નં:પીઓએલ/પો.શ્રા/રસ્તો/વશી/૩૭૮ /૨૦૧૩

જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
સાબરકાંઠા,હિંમતનગર
તા: ૬/૫ /૨૦૧૩

**વાંચ્યો:–**

(૧) પોલીસ અધિક્ષકશ્રી ,સાબરકાંઠાના પત્ર ક્ર.એલઆઈબી/જાહેરનામુ/૬૫૦/૨૦૧૩,તા.૨૭/૫/૧૩
(૨) અગાઉનુ તા. ૧/૬/૧૩ ના રોજ પુરુ થતુ જાહેરનામું

**આદેશ::–**

(૧) હિંમતનગર શહેર મદીના મસ્જીદ રોડ,પોલોગ્રાઉન્ડ વિસ્તારના રહીશો ની તા:૧૦/૦૧/૨૦૧૨ની પરત્વે કે,પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં રહેણાંક મકાનો,ધાર્મિક સ્થળો,સ્કુલો વિગેરે હોવાથી આ વિસ્તારમાંથી પસાર થતાં રોડ ઉપર થઇ ગણી સંખ્યામાં લોકો તથા વાહનોની અવરજવર થતી રહે છે.મોટા ભાગના લોકો મહાવીરનગરથી બહુમાળી ભવન આવવા–જવા તથા ઈડર/વિજાપુર તરફ આવવા– જવા આ રસ્તાનો ઉપયોગ કરે છે. જેથી આ મુખ્ય માર્ગ બની ગયેલ છે.આ રસ્તા ઉપરથી ભારે વાહનો,ટ્રકો,ટેકટ્રરો,ટેમ્પા જેવા સાધનો રેતી,પથ્થરો,ઈંટો,કપચાં અને કપચી વિગેરે ભરને મહાવીરનગર તરફ ખુબ જ અવરજવર કરે છે.જેના કારણે રસ્તામાં આવતી રહેઠાણ સોસાયટીઓ,મસ્જીદો, મંદીરો, સ્કુલો વિગેરે હોવાથી ભારે ટ્રાફીકના કારણે વારંવાર અકસ્માત થાય છે.આ સમસ્યાનુ નિવારણ લાવવુ જાહેર હીતમાં હોઈ તા:૧૬/૦૧/૨૦૧૨ ના રોજ પો.અધિ.શ્રી, સા.કાં, એસ.ડી.એમ. હિંમતનગર,ચીફ ઓફિસર ન.પા. હિંમતનગરની સંયુકત બેઠક બોલાવી આ સમસ્યાના ઉકેલ લાવવા ચર્ચા–વિચારણા કરી હિંમતનગર શહેરના મોતીપુરા થી મહેતાપુરા એન.જી. સર્કલ સુધીના રોડ ઉપર રવિવાર સિવાયના ના દિવસોએ સવારના ૮–૦૦ તી સાંજના ૨૦–૦૦ કલાક સુધી મોટા ભારે વાહનો પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવા તા: ૨૪/૨/૨૦૦૨ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. જે ભારેવાહનો માં ટેકટરો, ટેમ્પા, ટેન્કરો, ટ્રકો જેવા ફોર વ્હિલ વાહનો હિંમતનગર–ઈડર હાઈવે રોડ ઉપર આવેલ પેરેમાઉન્ટ હોટલ સામેથી સીનેમા રોડ થઈ પોલોગ્રાઉન્ડના રસ્તે થઈ સ્વામીનારાયણ મંદીરથી–રેલ્વે ફાટક થી ખરીદ વેચાણ સંધના પટ્રોલ પંપ સુધીના રોડ/રસ્તા ઉપર રેતી,કાંકરી,કંપચી,પથ્થર,ઈંટો વિગેરે ભરીને અવર–જવર કરતાં તમામ પ્રકારના વાહનો આ રોડ ઉપરથી પસાર ન થાય, અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તેવા હેતુસર આવા વાહનોને આ રોડ ઉપર પ્રવેશવા ઉપર તાત્કાલિક ધોરણે હંગામી રીતે પ્રતિબંધ ફરમાવવો ઉચિત જણાતો હોઈ આ નીચે મુજબ હુકમ કરવા આવશ્યક જણાય છે.

સબબ હું બંછાનિધિ પાની,(આઈ.એ.એસ.) જીલ્લા મેજીસ્ટ્રેટ,સાબરકાંઠા ફોજદારી કાર્યરીતી અધિનિયમન – ૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રુએ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેર વિસ્તારના મોતીપુરા થી મહેતાપુરા એન.જી. સર્કલ સુધી ભારે વાહનોને પ્રવેશવા પર પ્રતિબંધ હાલ અમલમાં છે. વધુમાં પેરામાઉન્ટ હોટલ સામેના રોડ થી અંબર સિનેમા રોડ થી પોલોગ્રાઉન્ડ વિસ્તાર મદીના મસ્જીદ રોડ થી સ્વામીનારાયણ મંદીર થી રેલ્વેફાટક,સહકાર હોલથી સંઘના પેટ્રોલપંપ સુધી પસાર થતાં રોડ/રસ્તા ઉપર તમામ પ્રકારના ફોર વ્હિલ વાહનો જેવા કે ટેકટરો, ટેમ્પા, ટેન્કરો, ટ્રકો ને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

(૧) ઉકત પ્રતિબંધ તમામ પ્રકારના ફોર વ્હિલ વાહનો જેવા કે ટેકટ્રરો, ટેમ્પા, ટેન્કરો, ટ્રકો વિગેરે મોટા ભારે વાહનોને પ્રતિબંધ લાગુ પડશે. આ સિવાય અન્ય નાના કોઈ વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહિં.

આ હુકમ તા: ૬/૬/૨૦૧૩ થી તા: ૩૧/૮/૨૦૧૩ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેર હુકમની વ્યકિતગત રીતે બજવણી શકય ન હોઈ એકતરફી ફરમાવવામાં આવે છે.અને સંબધીત તંત્ર ધ્વારા જાહેર પ્રસિધ્ધી કરવામાં આવશે.

DISTRICT MAGISTRATE SABARKANTHA DISTRICT HIMATNAGAR

(બંછાનિધિ પાની)
જીલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા,હિંમતનગર

પ્રતિ,
નકલ જયભારતસહ રવાના:– ( પ્રસિધ્ધી તથા અમલવારી કરાવવા સારુ)

(૧) પોલીસ અધિક્ષકશ્રી,સા.કાં. હિંમતનગર તરફ
(૨) સબ ડીવીઝનલ મેજી.શ્રી હિંમતનગર વિભાગ,હિંમતનગર તરફ
(૩) નાયબ પોલીસ અધિ.શ્રી હિંમતનગર વિભાગ,હિંમતનગર

7 JUN 2013

(૪) મામલતદારશ્રી,હિંમતનગર
(૫) ચીફ ઓફીસર ન.પા.હિંમતનગર
(૬) સી.ટી.સુપ્રી.શ્રી,હિંમતનગર
(૭) પોલીસ ઈન્સ્પેકટરશ્રી,ટાઉન,હિંમતનગર પોલીસ સ્ટેશન તરફ.
(૮) નાયબ માહીતી નિયામકશ્રી,માહીતી કચેરી,હિંમતનગર સ્થાનીક દૈનિક પત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવા અને તેની અત્રે જાણ કરવા સારૂ.
(૯) વ્યવસ્થાપકશ્રી સરકારી છાપકામ લેખન સામગ્રી વિભાગ,વડોદરા.જાહેરનામુ ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી નકલ મોકલાવા સારૂં.
(૧૦) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિ.શ્રી,ગુ.રા,ગાંધીનગર તરફ.

**મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો એક્ટ નં.૨૨ માંની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના ખંડ (બી) (સી) અન્વયે**

---

નં.પીઓએલ/જા.નામું/બી.પી.એક્ટ/હિંમતનગર/વશી-૩૪/૨૦૧૦

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ મા)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ''(બી), (સી) અન્વયે જાહેરનામાનો મુસદ્દો સદરહું કલમ-૩૩ની પેટા કલમ-(૬)થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાની હોય તેવી સઘળી વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિના પછી જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા સદરહું મુસદ્દો વિચારણામાં લેશે.

**સદરહું મુસદ્દાના સબંધમાં જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠાને ઉપરોક્ત મુદત પુરી થતાં પહેલાં કોઈ વાંધો કે સુચનો મળશે તેને વિચારણામાં લેશે.**

જાહેરનામાનો મુસદ્દો.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં મોતીપુરાથી મહેતાપુરા એન.જી.સર્કલ સુધીનો રોડ આવેલ છે. આ માર્ગ ઉપર અગત્યના સ્થળો જેવા કે રેલ્વે ઓવરબ્રીજ, બસસ્ટેન્ડ, સીવીલ હોસ્પીટલ, જનરલ પોસ્ટ ઓફિસ તેમજ જિલ્લાની મુખ્ય કચેરીઓ આવેલ છે. આ ઉપરાંત બસ સ્ટેન્ડની નજીકમા આરોગ્ય નગરમાં મોટાભાગની પ્રાઈવેટ હોસ્પીટલો આવેલ છે. હિંમતનગર શહેર જિલ્લાનું મુખ્ય મથક હોઈ ગામડાઓમાંથી પ્રજા પોતાના કામ અર્થે પોતાના નાના વ્હીકલો લઈ આવે છે એ જ રીતે બજારમાં પણ ખેડૂતો પોતાની ઉપજોના વેચાણ માટે આવે છે અને પોતાની જીવન જરૂરીયાતની વસ્તુઓ ખરીદ કરવા પણ આવે છે તેમજ મોટાભાગના દર્દીઓ અને તેમની સાથે સગાસબંધીઓ દવાખાનાઓમાં આવતા જતા હોય છે. જેથી આ રોડ ઉપર ટ્રાફીકનું ખુબ જ ભારણ રહેતુ હોઈ ટાફ્રીક જામના પ્રશ્નો પેદા થાય છે અને નાના મોટા વાહનોની અવરજવરના લીધેલ અકસ્માતના બનાવો બનવા પામે છે. આ રોડ ઉપર ઝડપી માનદ સેવા કરવામાં ખેબ જ મુશ્કેલીઓ પડતી હોય છે. જેથી અમદાવાદ, શામળાજી, મોડાસા તરફથી વિજાપુર, મહેસાણા, ઈડર, અંબાજી તરફ જતા મોટા વાહનોને જવા માટે બાયપાસ રોડ ઉપલબ્ધ છે. જયારે વિજાપુર મહેસાણા, ઈડર, અંબાજી તરફથી અમદાવાદ, શામળાંજી ,મોડાસા તરફ આવતાં મોટા વાહનોને જવા માટે બાયપાસ રોડ ઉપલબ્ધ છે. આ ભારે વાહનો ટ્રક, ટેન્કર, ટેમ્પા વિગેરે આ માર્ગ ઉપર થી પસાર થતા હોવાના લીધે ઉપરની મુશ્કેલીઓ નિવારવા સારૂ હિંમતનગર શહેરમાં મોતીપુરાથી મહેતાપુરા એન.જી.સર્કલ સુધીના રોડ પર રવિવાર સિવાયના દિવસોએ સવારના કલાક ૮-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન મોટા ભારે વાહનો પ્રવેશવા ઉપર પ્રતિબંધક મુકવા જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સા.કાં. હિંમતનગરે તેઓના પત્ર નં.ટ્રાફિક /જાહેરનામું/ ૩૦/૨૦૧૦ તા.૧/૨/૨૦૧૦ જણાવેલ છે. આ જાહેરનામા બાબતે તા.૨૦/૨/૨૦૧૦ના રોજ મળેલ જિલ્લા ટ્રાફીક સલાહકાર સમિતિમાં થયેલ છે.

વાસ્તે હું જય પ્રકાશ શિવહરે, આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જીલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧ની બાબત (બી)

અને (સી) અન્વયે મળેલ સત્તાનીરૂએહિંમતનગર શહેરમાં મોતીપુરાથી મહેતાપુરા એન.જી.સર્કલ સુધીના રોડ પર રવિવાર સિવાયના દિવસોએ સવારના કલાક ૮-૦૦ થી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન મોટા ભારે વાહનો પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવા ફરમાવું છું.

આ હુકમ સરકારી વાહનો તથા સરકારી કામે આવશ્યક ચીજવસ્તુ વહન કરતા વાહનોને લાગુ પડશે નહિં.

આ હુકમ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.
આજ તા. ૨૬ મી ફેબ્રુઆરી-૨૦૧૦ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

સ્થળ :: હિંમતનગર.
તારીખ :: ૨૬ /૦૨/૨૦૧૦

( જય પ્રકાશ શિવહરે)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

પ્રતિ,
પોલીસ અધિક્ષકશ્રી,
સા.કાં. હિંમતનગર.
૨/- જાણ તથા પ્રસિધ્ધી તથા જરૂરી કાર્યવાહી સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-** (જાણ તથા પ્રસિધ્ધી સારૂ)
- સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, હિમતનગર
- મામલતદારશ્રી, હિમતનગર
- પોલીસ ઈન્સ્પેકટરશ્રી, હિમતનગર ટાઉન// પો.સ.ઈ.શ્રી, મહેતાપુરા, હિંમતનગર(રૂરલ)
- વિભાગીય પોલીસ અધિકારીશ્રી, હિંમતનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, મા.અને મ.વિભાગ(રાજય) હિંમતનગર.
- ના.કા.ઈ.શ્રી, મા.અને મ.પેટા વિભાગ(સ્ટેટ) હિંમતનગર

**નકલ રવાના:-**
- નાયબ માહિતી નિયામકશ્રી,સા.કાં.હિંમતનગર

૨/- સદરહું જાહેરનામું દૈનિક સમાચાર પત્રોમાં તથા જિલ્લામાંથી પ્રસિધ્ધ થતાં સાપ્તાહિક, પાક્ષિકોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
- ચીફ ઓફિસરશ્રી, ન.પા.હિંમતનગર

૨/- જાહેરનામાની જાણ તથા ઓફિસના નોટીસ બોર્ડ તેમજ શહેરમાં ઠેરઠેર પ્રસિધ્ધી કરી રીપોર્ટ અત્રે મોકલવા સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**
- વ્યવસ્થાપકશ્રી,સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,વડોદરા

In No.: ......
Branch
26 FEB 2010
Office Supdt. | Supdt. of Police